એકલા હાથે આદિવાસી વિસ્તારમાં ચૂંટણી લડશે : શ્રીનિવાસન

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસ કોઇ પક્ષ સાથે ગઠબંધન નહીં કરે

બેઠકમાં નિર્ણય ગુજરાત કોંગ્રેસ દક્ષિણ પ્રભારીની અધ્યક્ષતામાં કેવડિયા ખાતે બેઠક યોજાઇ

રવિવારે કેવડીયા કોલોની ખાતે કોંગ્રેસની જિલ્લા કક્ષાની બેઠક મળી હતી

। કેવડિયા-કોલોની ।

નર્મદા જિલ્લાના કેવડિયા કોલોની ખાતે કોંગ્રેસની જિલ્લાકક્ષાની બેઠક મળી હતી. જેમાં દક્ષિણ ગુજરાત કોંગ્રેસ પ્રભારી શ્રીનિવાસને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસ કોઈપણ પક્ષ સાથે ગઠબંધન નહીં કરે એકલા હાથે જ આદિવાસી વિસ્તારમાં ચૂંટણી લડશે તેમ જણાવ્યું હતું.

કેવડિયા ખાતે બેઠકમાં ગુજરાત કોંગ્રેસના દક્ષિણના પ્રભારી શ્રીનિવાસન જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીત તડવી માજી ધારાસભ્ય પી ડી વસાવા, મહેશ વસાવા તેમજ નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાના કોંગ્રેસના નેતાઓ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં આમ આર્મી પાર્ટી અને કોંગ્રેસ આમ આદમી પાર્ટી અને ભાજપમાંથી ૩૦થી વધુ કાર્યકરો જોડાયા હતા. જેમનું સ્વાગત કરાયું હતું. ત્યારે મીટીંગ દરમિયાન મીડિયા સાથે વાતચીતમાં દક્ષિણ ઝોનના પ્રભારી શ્રીનિવાસને જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તાલુકા પંચાયત જિલ્લા પંચાયત કે, પછી નગરપાલિકા હોય કોંગ્રેસ કોઈપણ અન્ય પક્ષ સાથે ગઠબંધન કરવાનું નથી. અને એકલા હાથે જ કોંગ્રેસ ચૂંટણીઓ લડશે.

આજે ત્રણ જેટલી સીટોના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. પરંતુ તબક્કાવાર ઓફિશિયલ રીતે પક્ષમાંથી ઉમેદવારોના નામ જાહેર કરાશે તેમ તેઓએ જણાવ્યું હતું.

વક્તા પૂ. જયદેવપ્રસાદ શાસ્ત્રીના કંઠે

વડિયા-રાજપીપળા ખાતે આજથી શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ

રાજપીપળા : આજે તા. ૬ એપ્રિલને સોમવારના રોજ રાજપીપળા વેરાઈ માતા મંદિર, શક્તિનગર સોસાયટીની બાજુમાં વડિયા ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ થશે. જેમા વકતા તરીકે આંતરરાષ્ટ્રીય કથાકાર પ.પૂ. જયદેવપ્રસાદ શાસ્ત્રી (તિલકવાડા) કથાનું રસપાન કરાવશે. તા.૬ એપ્રિલને સોમવારના રોજ કથાનો પ્રારંભ થશે. જેની પુર્ણાહૂતિ તા.૧૨-૪-૨૬ રવિવારના રોજ બપોરે ૩:૩૦થી ૬:૩૦ (દરરોજ) કથા સ્થળ વેરાઈ માતા મંદિર, શિવશકિત નગર સોસાયટીની બાજુમાં, વડિયા-રાજપીપળા ખાતે થશે. કથાનો લાભ લેવા આયોજક રજવાડી જશોદાબેન મંગુભાઈ તથા સમગ્ર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

દરરોજ બપોરે ૩.૩૦થી ૬.૩૦ દરમિયાન કથા

હવામાન

મહત્તમ ઉષ્ણતામાન
ડીગ્રી સેલ્સીયસ= ડીગ્રી ફેરનહીટ
૩૬.૨ = ૯૭.૧૬

લઘુત્તમ ઉષ્ણતામાન
ડીગ્રી સેલ્સીયસ= ડીગ્રી ફેરનહીટ
૨૪.૨ = ૭૫.૨

હવામાં ભેજનું પ્રમાણ
સવારે ૫૩ ટકા, સાંજે ૩૩ ટકા

હવાનું દબાણ
૧૦૦૬ મિલિબાર્સ

પવનની દિશા
પશ્ચિમ

પવનની ગતિ
૬ કિમી/કલાક

જાહેર નોટીસ એન.એસ.વસાવા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, જંબુસરની કોર્ટમાં મુ.જંબુસર

ક્રમાંક: જન્મ મરણ નોંધણી અરજી નં. 529/૨૦૨૫
અરજદાર: ભાણા મહમદયામીન યાકુબભાઇ, રહે.ફજલપાર્ક સોસાયટી, તા.જંબુસર જી.ભરૂચ
વિરુદ્ધ : સામાવાળા: જન્મ મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફિસરશ્રી, જંબુસર તા.જંબુસર જી.ભરૂચ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારના ભાઇ નામે સલીમ યાકુબ આદમ ઇસ્માઇલ નો જન્મ તારીખ : ૨૧/૦૯/૧૯૬૮ ના રોજ મોજે.મુ.પો. જંબુસર તા.જંબુસર, તા.જંબુસર જી.ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ ૨૪ માર્ચ સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(કોર્ટનો સીક્કો)
હુકમથી,
(એન. એસ. વસાવા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જંબુસર

-: જાહેર નોટીસ :-

મહેરબાન જંબુસરના એડીશનલ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ માં, મુકામ- જંબુસર.
વાદી ના વિ. વકીલ શ્રી ડબલ્યુ .એસ.સૈયદ
રેગ્યુલર સિવિલ સ્યુટ નંબર:- ૩૨/૨૦૨૬
આંક:- ૦૭

વાદી:- દિલિપભાઈ છત્રસંગ સિંધા, રહેવાસી :- મુ.પો.નોબાર ઠે. ટેકરા ફળિયુ તા.જંબુસર જી.ભરૂચ **વિરૂધ્ધ...**
પ્રતિવાદી:- આચાર્ય શ્રી, રહેવાસી :- મુ.નોબાર તા. જંબુસર જી, ભરૂચ ઠે. પ્રાથમીક મિશ્ર શાળા

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ઉપરોક્ત દર્શાવેલ સદર વાદીએ પ્રાથમીક મિશ્રશાળા નોંબાર અભ્યાસ કરેલ તેમને શાળામાંથી શાળા છોડ્યાના પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તેમાં અમો વાદીનુ નામ "દિલીપસંગ છત્રસંગ સિંધા" લખાયેલ છે. તે સાચુ નથી તે શરત ચુકથી ખોટુ લખાયેલ છે . જેથી વાદીનુ સાચુ અને ખરૂ નામ "દિલીપભાઈ છત્રસંગ સિંધા" છે. "સંગ" ની જગ્યા એ "ભાઈ" નો સુધારો કરી આપે તેવો આદેશ ફરમાવવા માટે દાવો દાખલ કરેલો છે જેથી તેની સામે કોઈ પણ ઈસમકે લાગતા વળગતાઓને કે અન્ય કોઈ ને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન -૩૦ (ત્રીસ) માં અત્રેની કોર્ટમાં હાજર થઇ કાયદેસરની રજુઆત કરવી. જો નિયત મુદતમાં વાંધો રજૂ કરવામાં નહી આવે તો નામદાર કોર્ટ દ્વારા નિયમાનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજની તારીખ ૯ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નો સિક્કો કરી ને આપ્યો.

તૈયાર કરનાર- સહી/- (સી.પી. રણા) આસીસ્ટન્ટ | (કોર્ટનો સિક્કો) | મુકાબલ કરનાર- સહી/- (પી.બી. વસાવા) સુપ્રીટેન્ડટ | હુકમથી- સહી/- 13/3/26 (એ.ઝેડ. મલેક) રજીસ્ટ્રાર શ્રી

મે. વડોદરાના ફેમેલી જજશ્રી એસ.વી.વ્યાસ સાહેબ ની કોર્ટમાં, ન્યાયમંદિર, જી-વડોદરા
હાજર થવાનુ સ્થળ ડી-૫૮, ત્રીજે માળ, ન્યાયમંદિર, વેકસીન ઈન્સટીટયુટ નજીક, અકોટા, વડોદરા
એફ. સ્યુટ નં. 1325/2025 મુદત તારીખ: 21-04-2026 આંક-૭
અરજદાર તર્ફે વિ.વ. શ્રી એ. કે. ગુજરાથી **જાહેર નોટીસ**

અરજદાર :- ચૌહાણ નિમીષાબેન આશિષકુમાર રહે. બી-૧૦૯, રામદેવનગર, વાઘોડીયા, રોડ, ધરતી એપાર્ટમેન્ટ પાસે, વડોદરા.
સામાવાળા :- આશિષકુમાર હસમુખલાલ ચૌહાણ રહે. ત્રિકમજી ફળીયુ, ચારભાગ, સરભાણ, તા. આમોદ, જી. ભરૂચ

આથી સામાવાળા આશિષકુમાર હસમુખલાલ ચૌહાણને આ નોટીસથી જણાવીએ છીએ કે, ઉપરોકત અરજદાર ચૌહાણ નિમીષાબેન આશિષકુમારનાઓએ તમારા એટલે કે આશિષકુમાર હસમુખલાલ ચૌહાણ વિરૂધ્ધ હિન્દુ મેરેજ એકટની કલમ ૧૩ (૧) (આઇ એ) (૧) (આઇ બી) મુજબ લગ્ન વિચ્છેદન નું હુકમનામુ મેળવવા બાબત ઉપરોકત કોર્ટમાં અરજ દાખલ કરેલ છે અને તમારા સરનામે ઉપરોકત અરજના અનુસંધાને સમન્સ નોટીસ તમારી ગેર હાજરીના કારણે બજેલ નથી જેથી આજ રોજ સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવા ફરજ પડેલ છે.

વાસ્તે ઉપરોકત અરજી બાબતે આશિષકુમાર હસમુખલાલ ચૌહાણએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં પોતે જાતે અથવા તેમના યોગ્ય રીતે માહીતગાર કરેલ વકીલ અથવા મુખત્યાર મારફતે આ કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશો તો અરજદારની અરજી અંગે યોગ્ય ન્યાયીક નિર્ણય લેવામાં આવશે, જેથી આ જાહેર નોટીસની નોંધ લેવી.
આજરોજ તા. ૦૩-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તૈયાર કરનાર,આસી. (ડી.વી.પરમાર) | મુકાબલ કરનાર- શીરસ્તેદાર (જે.એચ.ડોડીયા) | રજીસ્ટ્રારશ્રી ફેમેલી કોર્ટ વડોદરા (એલ.જે. પાટીલ) | કોર્ટનો સિક્કો

તમારા દુઃખમાં સહભાગી સંદેશ
ભરૂચ-નર્મદા, પંચમહાલ-દાહોદ-મહીસાગર, વડોદરા-છોટાઉદેપુર એડિશન માટે
દુઃખદ અવસાન/ બેસણું /શ્રદ્ધાંજલિ
ફક્ત રૂા. ૭૦૦/-
૪૫ ચો.સે.મી. (૯ X ૫ કે ૫ X ૯) સાઇઝ
વધારાના ચો. સે.મી.ના રૂા. ૨૨/-
રવિવારે પણ બેસણું/શ્રદ્ધાંજલિની જાહેરખબર સ્વીકારાશે.
Note : GST as applicable
સંદેશ Sandesh Bhavan, Near L & T Circle, Opp. Ratribazar, VIP Road, Karelibaug, Vadodara
Phone : 0265-2464750

કુલ ૧૪ જુગારીઓ સામે ગુનો દાખલ

પીંછીપુરા ગામેથી ૨ જુગારી ઝડપાયા, ૧૨ ફરાર થયાં

। રાજપીપળા ।

ગરૂડેશ્વર પોલીસે પીંછીપરા ગામે રેઇડ પાડી હતી. જેમાં ૨ જુગારીઓ ઝડપાયા હતા. જ્યારે ૧૨ જુગારીઓ ભાગી જવામાં સફળ થાય હતા. પકડાયેલ આરોપીમાં અશ્વિન જેરામ તડવી અને વિનુ શના ભીલ બંને (રહે. પીંછી પુરા મંદિર ફળીયું તા.ગરૂડેશ્વર)નો સમાવેશ થાય છે.

વોન્ડેડ આરોપીમાં મહેશ શંકર તડવી, સંજય કાંતી ભીલ, નરેશ કાંતી ભીલ, ગોપાલ બલા ભીલ, રાયજી ગણેશ તડવી, જયંતિ કાશીરામ તડવી, ફતુ તુલસી ભીલ, રાજુ રઘુ ભીલ, રાજેશ તુલસી તડવી, મદુ તુલસી તડવી, પ્રવિણ રાણજી ભીલ તમામ (રહે. પીંછીપુરા તા.ગરૂડેશ્વર) નિલેશ રણછોડ તડવી (રહે. ચીમડીયા તા.નસવાડી જી.છોટાઉદેપુર)ને વોન્ટેડ જાહેર કર્યો હતા.

પકડાયેલામાં અશ્વિન જેરામ તડવી, વિનુ શના ભીલ બંને (રહે.પીંછીપુરા મંદિર ફળીયું તા.ગરૂડેશ્વર) પીંછીપુરા ગામે નિશાળ ફળીયામાં બંસી પરષોત્તમ ભીલના ખેતરના શેઢા ઉપર આંબલીના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જાહેરમાં પત્તા પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી-રમાડી દાવ ઉપરથી રોકડા રૂા.૩૬૩૦ સહિત બંનેની અંગજડતીમાંથી મળેલ રોકડા રૂા.૮૨૪૦ કુલ કિં. રૂા.૧૧,૮૭૦ના જુગારના મુદ્દામાલ સાથે ઝડપ્યાં હતા. જ્યારે ૧૨ જુગારી ભાગી છુટ્યાં હતા.

રાજપીપળામાં ચેક રિટર્ન કેસમાં

મહિલા વેપારીને એક વર્ષની સાદી કેદની સજા

રાજપીપળા : નાંદોદ તાલુકાના વાવડી ગામના ખેડૂત સંજય મોતીભાઈ પટેલે વર્ષ ૨૦૨૨માં તેમના પરિચિત મહિલા વેપારી હંસાબેન વિનુભાઈ પટેલ (રહે. આદિત્ય બંગલોઝ, રાજપીપળા)ને આર્થિક મુશ્કેલીના સમયે મદદ કરવા માટે રૂા.૧૦ લાખ ઉછીના આપ્યા હતા. આ રકમ પરત કરવા માટે હંસાબેને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો ચેક આપ્યો હતો. જે ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાને કારણે (ફંડ ઈનસફિશિયન્ટ) બાઉન્સ થયો હતો.

જે અંગે સંજયે હંસાબેનને નાણા પરત કરવા વારંવાર જણાવ્યું હતું. છેવટે આ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. રાજપીપળા કોર્ટે ફરિયાદી સંજય પટેલના વકીલ પ્રતિક પટેલની દલીલો સાંભળ્યા બાદ કસૂરવાર હંસાબેન પટેલને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. જો ફરિયાદીને મૂળ રકમ અને ઉપર વળતર મળી કુલ રૂા.૧૦,૧૦,૦૦૦ ચૂકવવાનો આદેશ કર્યો છે. આરોપી આ વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો તેમણે વધુ ૪ માસની જેલની સજા ભોગવવી પડશે.

જાહેર નોટીસ એન.એસ.વસાવા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, જંબુસરની કોર્ટમાં મુ.જંબુસર

ક્રમાંક: જન્મ મરણ નોંધણી અરજી નં. 483/૨૦૨૫
અરજદાર: ઐયુબભાઈ યાકુબભાઈ પટેલ, રહે.બી-૮૭, સનરાઇઝ સોસાયટી, જંબુસર તા.જંબુસર, જી.ભરૂચ
વિરુદ્ધ : સામાવાળા: જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,દેવલા તા.જંબુસર જી.ભરૂચ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારના નાની બહેન નામે આબેદા યાકુબ મોહમદ પટેલ નો જન્મ તારીખ : ૦૧/૦૯/૧૯૫૭ ના રોજ મોજે.મુ.પો.દેવલા તા.જંબુસર, તા.જંબુસર જી.ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ ૨૩ માર્ચ સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(કોર્ટનો સીક્કો)
હુકમથી,
(એન. એસ. વસાવા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જંબુસર

જાહેર નોટીસ એન.એસ.વસાવા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, જંબુસરની કોર્ટમાં મુ.જંબુસર

ક્રમાંક: જન્મ મરણ નોંધણી અરજી નં. 474/૨૦૨૫
અરજદાર: લકકડ અબ્દુર્રશીદ હસન, રહે.વેલફેર સોસાયટી, અંબાજી ભાગોળ, જંબુસર તા.જંબુસર, જી.ભરૂચ
વિરુદ્ધ : સામાવાળા: જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, સારોદ તા.જંબુસર જી.ભરૂચ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારના બહેન નામે હનીફાબેન હસન મહમદ લકકડ નો જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૭૫ ના રોજ મોજે.મુ.પો.સારોદ તા.જંબુસર, તા. જંબુસર જી.ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ ૨૩ માર્ચ સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(કોર્ટનો સીક્કો)
હુકમથી,
(એન. એસ. વસાવા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જંબુસર

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ
રીજીયોનલ ઓફિસ : હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ, કોલેજ રોડ, ભરૂચ-૩૯૨૦૦૨, ગુજરાત. ફોન : ૯૧ ૨૬૪૨ ૨૦૫૦૩૪/૩૫
ઈ-મેઈલ : recovery.bharuch@bankofbaroda.com

ઈ-હરાજી તા.૨૨.૦૪.૨૦૨૬ સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦
નિરીક્ષણ તા. ૨૦મી અને ૨૧મી એપ્રિલ ૨૦૨૬ (સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, અને સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાયી મિલકત માટે રૂલ ૮(૬) અને અસ્થાયી મિલકત માટે રૂલ ૬(૨) સાથે વંચાણમાં લેતા અસ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.

આથી જાહેર જનતા અને દેવાદારઓ/ગીરવેદારો અને જામીનદારોને ખાસ કરીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાયી મિલકત સુરક્ષિત ક્રેડીટર્સ ને મોર્ગેજ/સોંપેલ મિલકતો કે જેનો બેંક ઓફ બરોડા, સુરક્ષિત ક્રેડીટર્સ દ્વારા કબજો મેળવેલ છે. જેની નીચે દર્શાવેલ વિગતે 'જયાં છે, ત્યાં છે તેવી', જેવું છે તેવું', 'જે છે તે' ના ધોરણે બાકી રકમ માટે વેચાણ થશે. દેવાદાર(રો), ગીરવેદાર(રો) અને જામીનદાર(રો) સુરક્ષિત મિલકત બાકી રકમ, અનામત કિંમત, હરાજીની તારીખ, સમય, બાનાની રકમ, બોલી વધારાની રકમ વગેરે નીચે દર્શાવેલ છે. વેચાણ અંગેની વધુ જાણકારી, નિયમો અને શરતો માટે વેબસાઈટ www.bankofbaroda.in /https://www.ibapi.in જુઓ.

અ.નં.	શાખાનું નામ	દેવાદારોનું નામ / જામીનદારોનું નામ	મિલકતના માલિકનું નામ	મિલકતોનું વર્ણન (તમામ બોજા મુકત)	મિલકતનો પ્રકાર (રેહાઉસ/ફ્લેટ/પ્લોટ/જમીન) કબજાનો પ્રકાર (સાંકેતિક / પ્રત્યક્ષ)	બાકી લેણાં (લાખમાં)	રીઝર્વ કિંમત / ઈએમડી / બોલી વધારવાની રકમ (લાખમાં)	સંપર્ક વ્યકિતનું નામ અને સંપર્ક નંબર
૧	ઝાડેશ્વર રોડ	મેસર્સ ટ્રુ લાઈફ માલિક હીટાચીબેન જે. પટેલ	શ્રી જશુભાઈ દેસાઈભાઈ પટેલ	સાંઈધામ કોમ્પલેક્ષ ના એબીસી સર્કલ નજીકના બીજા માળ ની કોમર્શીયલ દુકાન નં.એસ-૧૪ જેનું માપ ૫૮.૫૫ ચો.મી. જમીન માપ ૮.૦૦ ચો.મી. ના વણવહેંચાયેલ હિસ્સા સહિત, રેવન્યુ સર્વે નં.૬૯/એ, પૈકી, મોજે ભોલાવ, તા. અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જુનો નેશનલ હાઈવે નં. ૮, **પશ્ચિમ તરફ** : આજ રે.સ નં. ની ખુલ્લી જમીન જગ્યા, **ઉત્તર તરફ** : કોમ્પલેક્ષની ખુલ્લી જમીન, **દક્ષિણ તરફ** : રજા માળની દુકાન નં. જી/૧૨ આવેલ છે.	કોમર્શીયલ દુકાન / સાંકેતિક કબજો	રૂા.૫૫.૯૨ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૨૭.૨૩ ૨) ૨.૭૩ ૩) ૦.૧૦	શ્રી પ્રભાસ પ્રસુન ૯૦૯૯૦૦૪૪૫૦
૨	લીંક રોડ	શ્રીમતી સહિસ્તાબાનુ ઝાકિર પટેલ અને શ્રી ઝાકિર યુસુફ પટેલ	શ્રીમતી સહિસ્તાબાનુ ઝાકિર પટેલ અને શ્રી ઝાકિર યુસુફ પટેલ	રહેણાંકનું ઘર કે જે આરઝુ સોસાયટી નો પ્લોટ નં. ૨૭, (પ્લાન મુજબ ટાઈપ -એ-૨) માપ એરીયા ૧૫૩.૯૦ ચો.મીટર જેનો રેવન્યુ સર્વે નં. ૬૧/૧ +૬૧/૨+ ૬૧/૩+ ૬૨/૧ પૈકી કાવેરી એપાર્ટમેન્ટની પાછળ, દહેજ બાયપાસ રોડ, ડુંગરી, તા અને જી.ભરૂચ ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા: **પુર્વે**: જોડેનો રોડ, **પશ્ચિમે**: જોડેનો પ્લોટ નં. ૩૮, **ઉત્તરે**: જોડેનો પ્લોટ નં. ૨૮, **દક્ષિણે**: જમીન રે.સ નં. ૬૧/૧ પૈકી.	રહેણાંકનું રો હાઉસ / સાંકેતિક કબજો	રૂા.૬૨.૨૩ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૬૦.૫૦ ૨) ૧.૮૦ ૩) ૦.૧૦	શ્રી અજય બોઈપોઈ ૮૧૦૨૪૮૮૪૪૨
૩	ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ભરૂચ	શ્રી પટેલ જૈનીશ અર્જુનભાઈ અને શ્રીમતી હેતલ જૈનીશ પટેલ	શ્રી પટેલ જૈનીશ અર્જુનભાઈ અને શ્રીમતી હેતલબેન જૈનીશ પટેલ	રહેણાંકનો રો હાઉસ'શ્રીજી પ્રવેશ' સોસાયટી નો પ્લોટ નં. ૧૨૮ માપ ૬૪.૪૦ ચો.મીટર ગ્રાઉન્ડ ફ્લોર + ૧લા માળના બાંધકામ સાથે, રે. સ / બ્લોક નં. ૩૨ અને ૭૬, શીવાલીક હાઈટ્સ નજીક, નર્મદા કોલેજ સામે, મોજે. તવરા, તા. અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની **ચતુર્દિશા** : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૧૨૫,**પશ્ચિમ તરફ** : સોસાયટીનો આંતરીક રોડ,**ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૨૭,**દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૨૯ આવેલ છે.	રહેણાંકનું રો હાઉસ / સાંકેતિક કબજો	રૂા.૩૧.૭૨ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૩૮.૯૫ ૨) ૩.૯૦ ૩) ૦.૧૦	શ્રી અમીત રાવલ ૮૮૩૦૫૩૫૯૫૪
૪	અંકલેશ્વર મેઈન	શ્રી ચૌધરી રામજન અલી	શ્રી ચૌધરી રામજન અલી	રહેણાંકનું ઘર કે જે સન વેલી રેસીડન્સી નો પ્લોટ નં. ૪૪ માપ ૫૦.૧૭ ચો.મીટર, રે. સ નં. ૧૬૯ (જુનો રે.સ નં. ૫૬/એ/૨) ઝમ ઝમ પાર્ક નજીક, કાપોદરા થી બાકરોલ રોડ, ગામ. કાપોદરા, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની **ચતુર્દિશા** : **પૂર્વ તરફ** : સોસાયટી રોડ,**પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૫૩,**ઉત્તર તરફ** : પ્લોટ નં. ૪૩,**દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૪૫ આવેલ છે.	રહેણાંકનું રો હાઉસ / સાંકેતિક કબજો	રૂા.૧૩.૩૪ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૫.૬૯ ૨) ૧.૫૭ ૩) ૦.૧૦	શ્રી ધીરજકુમાર ૯૦૯૯૦૦૪૪૦૨
૫	શ્રીધર સોસાયટી	શ્રી માઈકલ કેનેથ રોલેન્ડ પાર્કર અને શ્રીમતી નતાશિયા માઈકલ પાર્કર	શ્રીમતી નતાશિયા માઈકલ પાર્કર	રહેણાંકનો ફ્લેટ સ્કેયર લાઈફ સ્ટાઈલ ટાવર બી નો ૧લા માળ નો ફલેટ નં. બી- ૧૧૦, મકતમપુર જીઈબી ની સામે, પોલીસ સ્ટેશન પાછળ, બિલ્ટઅપ એરીયા માપ ૧૦૦.૯૩ ચો.મીટર, પ્લોટ/સર્વે નં. ૨૮૨૪/બી અને ૨૮૨૫ પૈકી, સીટી સર્વે વોર્ડ નં. ૧, રે.સ. નં. ૧૩/૨, ૧૩/૩, અને ૧૪, ગામ. કસક, તા. અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફ્લેટ નં.બી-૧૦૯, **પશ્ચિમ તરફ** : ખુલ્લી જગ્યા, **ઉત્તર તરફ** : ખુલ્લી જગ્યા, પ્રવેશ અને પેસેજ, **દક્ષિણ તરફ** : ખુલ્લી જગ્યા આવેલ છે.	રહેણાંકનો ફ્લેટ / સાંકેતિક કબજો	રૂા.૩૩.૯૩ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૪૫.૪૨ ૨) ૪.૫૨ ૩) ૦.૧૦	શ્રી આદિત્ય ૯૫૪૫૮૦૦૦૯૬
૬	ભરૂચ, વેલ્ફેર હોસ્પીટલ ચોકડી	શ્રી સાહિલ વસંતલાલ પટેલ	શ્રી સાહિલ વસંતલાલ પટેલ	રહેણાંકનો પ્લોટ રે.સ.નં. ૩/૧ પૈકી જેનો પ્લોટ નં. ૨૧/બી, બગે રેહાન, ના નામે જાણીતો ફોર્ચુન સ્કાય સીટ સામે, દહેજ બાયપાસ રોડ નજીક, માપ એરીયા ૧૧૬.૬૨ ચો.મી (વેચાણ દસ્તાવેજ મુજબ) ૭૭.૦૫ ચો.મી (મુલ્યાંકન માટે ધ્યાનમાં લેવામાં આવેલું) ગામ. ડુંગરી, તા. અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૨૧/એ, **પશ્ચિમ તરફ** : જોડેનો સર્વે નં., **ઉત્તર તરફ** : રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૨/બી આવેલ છે.	રહેણાંકનો પ્લોટ / પ્રત્યક્ષ કબજો	રૂા.૧૩.૦૬ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૪.૬૦ ૨) ૧.૪૬ ૩) ૦.૧૦	શ્રી પ્રવિણ કુમાર ૭૦૨૩૨૩૨૯૯૯

નિયમો અને શરતો : ૧) મિલકત સાંકેતીક કબજામાં છે અને બિડર તેના/પોતાના જોખમ અને જવાબદારી થી સાંકેતીક કબજામાં મિલકત ખરીદે છે. ૨) બેંક ફકત સાંકેતિક કબજા ની રીતે જ મિલકતનો કબજો સોપશે. સફળ બિડર્સ/ ખરીદનાર બેંક પાસેથી ભૌતિક/પ્રત્યક્ષ કબજો મેળવવાના દાવો કરી શકશે નહી. ૩) પ્રત્યક્ષ કબજો સોંપવા માટે જવાબદાર અથવા ફરજ થી બંધાયેલ રહેશે નહી. ૪) સફળ હરાજી ખરીદનાર કોઈપણ કેશ માં પરત કરેલ પૈસા ઉપર કોઈપણ વ્યાજ નો દાવો કરવા માટે હકદાર રહેશે નહી. ૫) સફળ હરાજી ખરીદનાર ઈ હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની પુષ્ટિ કરતુ ઘોષણાપાત્ર કમ અંડરટેકિંગ સબમીટ કરવાનુ રહેશે. ૬) વેચાણ પછી જો સફળ બિડર ઘોષણાપત્ર કમ અન્ડરટેકીંગ સબમીટ કરવામાં નિષ્ફળ જશે તો બીડની રકમ જપ્ત કરવામાં આવશે.

સરફેસી કાયદા હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ને ૧૫ દિવસની કાનુની વેચાણ નોટીસ
વેચાણ અંગેની શરતો માટે સાથે આપેલ લીંક https:// www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com ઉપર જુઓ.
(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)
Scan QR Code
તા.૦૬.૦૪.૨૦૨૬ । સ્થળ : ભરૂચ. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

આજનું પંચાંગ - ભૂપેન્દ્ર ધોળકિયા

સૂર્યોદયાદિ	સૂર્યોદય	નવકારશી	સૂર્યાસ્ત
વડોદરા :	૬-૨૬	૭-૧૪	૧૮-૫૨

દિવસનાં ચોઘડિયાં
૧. અમૃત, ૨. કાળ, ૩. શુભ, ૪. રોગ, ૫. ઉદ્વેગ, ૬. ચલ, ૭. લાભ, ૮. અમૃત.

રાત્રિનાં ચોઘડિયાં
૧. ચલ, ૨. રોગ, ૩. કાળ, ૪. લાભ, ૫. ઉદ્વેગ, ૬. શુભ, ૭. અમૃત, ૮. ચલ.

વિંછુડો

વિક્રમ સંવત : ૨૦૮૨ ચૈત્ર વદ ચોથ- સોમવાર તા.૦૬-૦૪-૨૦૨૬. વીર (જૈન) સંવત : ૨૫૫૨ શાલિવાહન શક : ૧૯૪૮ યુગાબ્દ (કલિ) : ૫૧૨૮ ભારતીય દિનાંક : ૧૬ ચૈત્ર. પારસી માસ : આવાં રોજ : ૨૫ અશીશવઘ. મુસ્લિમ માસ : શવ્વાલ. રોજ : ૧૭ દૈનિક તિથિ : વદ ચોથ ક.૧૪-૧૧. ચંદ્ર નક્ષત્ર : અનુરાધા ક. ૨૬-૫૭ સુધી. પછી : જયેષ્ઠા. ચંદ્ર રાશિ: વૃશ્ચિક (આખો દિવસ). જન્મ નામાક્ષર : વૃશ્ચિક (ન. ય.). કરણ : બાલવ/કૌલવ/તૈતિલ. યોગ : સિદ્ધિ ક. ૧૫-૨૪ સુધી. પછી : વ્યતિપાત.

વિશેષ પર્વ : વિંછુડો. મુહૂર્ત શાસ્ત્રની દૃષ્ટિએ આજે ચંદ્ર નક્ષત્ર અનુરાધા હોવાથી પેટવાળ વિંછુડો ગણાય. જે મુહૂર્તશાસ્ત્ર મુજબ અનિવાર્ય સંજોગો લઈ શકાય છે. * મંગળ ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં પ્રવેશ. * ચંદ્ર શનિનો ત્રિકોણયોગ. *ગુજરાતી સાહિત્યના સમર્થ નવલકથાકાર પન્નાલાલ પટેલની પુણ્યતિથિ. * કૃષિ જ્યોતિષ : આકાશમાં ચિત્રા નક્ષત્રનો તેજસ્વી તારો હવે ધીમે ધીમે ઓછા સમય માટે જોવા મળે, સ્થાનિક ગંજબજારમાં કઠોળ-તેલીબિયાં બજારમાં સુધારાતરફી હવામાનના યોગ ગણાય. જળાશયની માવજત કરવી. રાહુકાલ : દિવસે ક. ૦૭-૩૦થી ૯-૦૦.

આજની રાશિ - મહેશ રાવલ

મેષ (અ.લ.ઈ.) પ્રયત્નોનું મીઠું ફળ ચાખવા મળે, કામકાજોમાં પ્રગતિ જણાય, ખર્ચ-ખરીદીના પ્રસંગો.

વૃષભ (બ.વ.ઉ.) આપના વ્યવસાયિક કામકાજ અંગેની પ્રતિકૂળતા દૂર થતી જણાય, નાણાભીડનો ઉકેલ.

મિથુન (ક.છ.ઘ.) આપના મનની મુરાદ મનમાં રહેતી લાગે, સામાજિક કાર્ય થઈ શકે, તબિયતની ચિંતા દૂર થાય.

કર્ક (ડ.હ.) આપની આવક સામે જાવક વધી જતી જણાય, કૌટુંબિક કામકાજો અંગે સાનુકૂળતા સર્જાય.

સિંહ (મ.ટ.) લાભ ઓછો જણાય, સામાજિક પ્રશ્નો અંગે અશાંતિના સંજોગો દૂર થાય, પ્રવાસ ફળે.

કન્યા (પ.ઠ.ણ.) સાહસ સટ્ટાથી દૂર રહેજો, પુરુષાર્થ ફળદાયી જણાય, કૌટુંબિક પ્રશ્ન પર ધ્યાન આપજો.

તુલા (ર.ત.) આહાર-વિહારમાં સાચવી લઈને તમે સ્વસ્થ રહી શકશો, મુશ્કેલી હટતી લાગે.

વૃશ્ચિક (ન.ય.) નમ્રતાપૂર્વક અને સહકારથી કાર્યશીલ થઈને તમે ધાર્યું કરી શકશો.

ધન (ભ.ફ.ઢ.ધ.) આપની બુદ્ધિ કરતાં સમજદારી અને વિવેકશક્તિ જરૂર ફળદાયી બને.

મકર (ખ.જ.) આપની મહત્ત્વની પ્રવૃત્તિઓને આગળ વધારવાની તક મળે.

કુંભ (ગ.શ.સ.) સામાજિક તેમજ વ્યવસાયિક બાબતો અંગે સંજોગો બદલાતાં જોવા મળે.

મીન (દ.ચ.ઝ.થ.) વ્યથા વેદનાની કલ્પના છોડીને પ્રસન્નતાની કામના ફળીભૂત થઈ શકે.

વર્ડ વિઝડમ

૧		૨	■	૩		૪	■	૫
	■	૬			■	૭	૮	
■	૯		■	૧૦		■		■
૧૧		■	૧૨		■	૧૩		૧૪
	■	૧૫		■	૧૬			
૧૭			■	૧૮		■	૧૯	
	■	■	૨૦	■		■		■
૨૧	૨૨	૨૩	■	૨૪	■	૨૫		૨૬
■	૨૭				■		■	

અહીં આપેલા શબ્દો, જોડકણાં દ્વારા ઉપરોક્ત ખાના ભરીને તમારું શબ્દ ભંડોળ વધારો. તમારી વિચારશૈલી વધારો.

*** આડી ચાવી**
(૧) આગળ ચાલનાર (૩)
(૩) ઘરના બારણા પાસેનો ચોક (૩)
(૬) શુભ, મંગળ (૩)
(૭) વાત, અફવા (૩)
(૯) પડછાયો (૨)
(૧૦) જાણીતા ગાયક : કુમાર.... (૨)
(૧૧) શરીરના સાંધા (૨)
(૧૨) ફૂલની માળા (૨)
(૧૩) આંતરિક, અંદરનું (૩)
(૧૫) દોરો, રેસો (૨)
(૧૬) તંદુરસ્ત, આખો (૨)
(૧૭) ઘોડો (૩)
(૧૮) આંધળુ (૨)
(૧૯) ..... નાની ને વેશ ઝાઝા (૨)
(૨૦) ચા અંગ્રેજીમાં (૧)
(૨૧) જુસ્સો, જોમ (૩)
(૨૫) દુરાચારી વર્તન (૩)
(૨૭) રાજસ્થાનનો એક પ્રદેશ (૪)

*** ઊભી ચાવી**
(૧) અજાણ, મૂર્ખ (૨)
(૨) નાનો વહેળો (૩)
(૩) કંઈ અણસાર આવ્યો ? (૪)
(૪) ઓસડ, ઔષધ (૨)
(૫) પિતાના નાનાભાઈ (૨)
(૮) કાળજુ, લીવર (૩)
(૯) મુશ્કેલી, ઉપાધિ (૨)
(૧૧) ગરમીનું માપ (૫)
(૧૨) હરોળ, કતાર (૨)
(૧૩) કૂવા થંભની બે બાજુમાં સઢ બાંધવાનું દોરડું (૨)
(૧૪) વગરનું (૩)
(૧૫) પિતા, બાપ (૨)
(૧૬) કાર્યસિદ્ધિમાં ઉપયોગી (૩)
(૧૯) પહેરગીર, ચોકિયાત (૩)
(૨૨) એકઠું થયેલું (૨)
(૨૩) એક પક્ષી (૨)
(૨૪) શરત, કરાર (૨)
(૨૫) તલવાર (૨)
(૨૬) પ્રેમ, ઈશ્ક (૨)

સુડોકુ 6174

	૯	૭	૨		૪		૧	
૮	૬		૯		૫	૩	૭	
		૪		૭	૮		૬	
	૨	૫				૬		
		૯				૨	૫	
	૪		૮	૯		૫		
	૫	૬	૪		૨		૮	૯
	૩		૭		૧	૪	૨	

સુડોકુ 6173નો ઉકેલ

૩	૮	૨	૭	૬	૧	૪	૫	૯
૭	૯	૫	૪	૮	૩	૨	૧	૬
૧	૪	૬	૨	૫	૯	૩	૭	૮
૮	૨	૩	૯	૪	૭	૧	૬	૫
૬	૭	૪	૮	૧	૫	૯	૨	૩
૫	૧	૯	૩	૨	૬	૭	૮	૪
૨	૩	૮	૫	૭	૪	૬	૯	૧
૪	૬	૭	૧	૯	૮	૫	૩	૨
૯	૫	૧	૬	૩	૨	૮	૪	૭

આપેલા ચોરસ સમૂહમાં એવી રીતે ખૂટતા અંક ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને ૩X૩ના બોક્સમાં ૧થી ૯ સુધીના આંકડા આવે. ચોરસ સમૂહમાં આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહીં. તમારે એ સિવાયના ખૂટતા અંકો મેળવવાના છે. તો કરો મગજમારી...!

સંદેશ **સમાચાર અને જાહેરાત માટે**
ભરૂચ ઓફિસ - ૨૦૧ એચ ટાવર, સેકન્ડ ફ્લોર, આર. કે. કાસ્ટા, સુપર માર્કેટ પાછળ ભરૂચ. મો. ૯૯૨૪૩૧૧૯૭૯, વોટ્સ એપ નં. ૯૯૨૪૩૧૧૯૭૯, ૦૨૬૪૨- ૨૬૧૫૫૬
અંકલેશ્વર ઓફિસ - ૨ સેકન્ડ ફ્લોર, ઇન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ, ઓલ્ડ નેશનલ હાઇવે, જીઆઇડીસી મો. ૯૮૨૫૧૫૮૧૪૧